ફાયનાન્સિયલ એક્સપ્રેસ

અમદાવાદ, ગુરુવાર, તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫

Alembic Touching Lives over 100 years

# એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ

CIN: L24230GJ2010PLC061123
રજીસ્ટર્ડ ઓફિસ : એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૩
ફોન : +૯૧ ૨૬૫ ૬૬૩૭૦૦૦
ઈ-મેલ : apl.investors@alembic.co.in
વેબસાઈટ : www.alembicpharmaceuticals.com

## સભ્યોને પોસ્ટલ બેલેટ અને ઈ-વૉટીંગ સુવિધા આપવા બાબતની નોટીસ

સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને ૧૧૦ ની સાથે વંચાતા કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪, ના નિયમ ૨૦ અને ૨૨ ની જોગવાઈઓ અન્વયે, કોર્પોરેટ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦ ના સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦, તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ ના સામાન્ય પરિપત્ર નંબર ૧૭/૨૦૨૦, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪ ના સામાન્ય પરિપત્ર નંબર ૦૯/૨૦૨૪ અને અન્ય સંબંધિત પરિપત્રો (ત્યારબાદ સામૂહિક રીતે "એમસીએ પરિપત્રો"), સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ, ૨૦૧૫") ના નિયમન ૪૪, જનરલ મિટીંગ્સ પર સેક્રેટેરીયલ સ્ટાન્ડર્ડ ("SS-2") અને અન્ય લાગુ કાયદા, નિયમો અને વિનિયમો (કોઈપણ વૈધાનિક ફેરફાર અથવા તેના પુનઃ અધિનિયમ સહિત), કંપનીએ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ ("NSDL") મારફતે તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૨૫ ની પોસ્ટલ બેલેટ નોટિસ ("નોટિસ") ઈ-મેલ દ્વારા બુધવાર, ૧૨ મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સભ્યોને ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત વિશેષ ઠરાવના સંદર્ભમાં તેમની મંજૂરી માટે મોકલેલ છે.

એમસીએ પરિપત્રોનું પાલન કરતા, આ નોટિસ ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા તે સભ્યાને મોકલવામાં આવેલ છે, જેમના નામ ડિપોઝિટરીઝમાંથી મેળવેલ રજીસ્ટર ઑફ મેમ્બર્સ / લાભાર્થી માલિકોની સૂચિ પર શુક્રવાર, ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ("કટ-ઑફ તારીખ") ના રોજ દર્શાવેલ છે, અને જેમના ઈ-મેલ એડ્રેસ કંપની / ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. કટ-ઑફ તારીખ પછી સભ્ય બનેલ વ્યક્તિ માટે નોટિસ ફક્ત માહિતી માટે છે.

વધુમાં, એમસીએ પરિપત્રોનું પાલન કરતા, કંપનીએ સભ્યો માટે તેમના ઈ-મેલ એડ્રેસની નોંધણી કરાવવા માટે જરૂરી વ્યવસ્થા કરી છે. જે સભ્યોએ તેમના ઈ-મેલ એડ્રેસ રજીસ્ટર કર્યા નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ (i) જો શેર ડીમેટ મોડમાં ધરાવતા હોય, તો ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ ("DP") સાથે નોંધણી કરાવે, જ્યાં તેમના ડીમેટ એકાઉન્ટ્સ છે, અને (ii) જો શેર ફીઝીકલ મોડમાં ધરાવતા હોય તો કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સ, MUFG Intime India Private Limited ("MIIPL") ને સહાયક દસ્તાવેજો સાથે નિર્ધારિત ISR-1 ફોર્મેટમાં તેઓની KYC વિગતો સબમિટ કરીને નોંધણી કરાવે. આ ફોર્મ કંપનીની વેબસાઈટ https://www.alembicpharmaceuticals.com/investor-related-forms/ પર અને MIIPLની વેબસાઈટ https://web.in.mpms.mufg.com/KYC-downloads.html પર ઉપલબ્ધ છે.

સદર નોટીસ કંપનીની વેબસાઈટ https://alembicpharmaceuticals.com/notices-correspondences-disclosures ઉપર, સ્ટોક એક્સચેન્જીસની વેબસાઈટ બીએસઈ લિમિટેડ www.bseindia.com ઉપર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઑફ ઈન્ડિયા લિમિટેડ www.nseindia.com ઉપર અને NSDL ની વેબસાઈટ www.evoting.nsdl.com ઉપર પણ ઉપલબ્ધ છે.

સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની સંમતિ અથવા અસંમતિ માત્ર ઈ-વૉટિંગ દ્વારા આપે. સભ્યોને ઈ-વૉટિંગની સુવિધા પૂરી પાડવા માટે કંપનીએ NSDL ને રોકેલ છે, જેથી તેઓ ઈલેક્ટ્રોનિકલી પોતાનો મત આપી શકે. ઈ-વૉટિંગ સંબંધિત મહત્વની વિગતો અહીં નીચે આપવામાં આવી છેઃ

| | |
|---|---|
| ઈ-વૉટિંગનો સમયગાળો શરૂ થશે | શનિવાર, ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સવારે ૯:૦૦ કલાકે IST. |
| ઈ-વૉટિંગનો સમયગાળો સમાપ્ત થશે | રવિવાર, ૧૬મી માર્ચ, ૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે IST. ત્યારબાદ NSDL દ્વારા ઈ-વૉટિંગ મોડ્યુલને બંધ કરવામાં આવશે. |

એકવાર શેરધારક દ્વારા ઠરાવ પર મત આપવામાં આવે, તે પછી, શેરધારકને તેને બદલવાની અથવા ફરીથી મત આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

ઈ-વૉટિંગ માટેની સૂચનાઓ નોટિસમાં આપવામાં આવી છે. ઉપરોક્ત નોટિસમાં એવા સભ્યો માટે લોગિન ક્રેડેન્શિયલ સંબંધિત સૂચનાઓ પણ શામેલ છે, જે ફીઝીકલ મોડમાં અથવા ડીમેટ મોડમાં શેર ધરાવે છે અને જેમણે કંપની અથવા તેમના DP સાથે તેમના ઈ-મેલ એડ્રેસની નોંધણી કરાવી નથી.

ઈ-વૉટિંગ સાથે સંકળાયેલા કોઈપણ પ્રશ્નો / ફરિયાદો હોય; તો, તમે શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs), અને શેરધારકો માટે ઈ-વૉટિંગ યુઝર મેન્યુઅલ NSDL ની વેબસાઈટ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ છે તેનો સંદર્ભ લઈ શકો છો અથવા ટોલ ફ્રી નંબરઃ ૦૨૨-૪૮૮૬૭૦૦૦ ઉપર કૉલ કરી શકો છો અથવા કુમારી પલ્લવી મ્હાત્રે, સિનીયર મેનેજર, NSDL ને evoting@nsdl.com ઉપર વિનંતી મોકલી શકો છો.

**એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ વતી,**
સહી/-

**સ્થળ** : વડોદરા
**તારીખ** : ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૫

**મનીષા સરાફ**
કંપની સેક્રેટરી